પ્રચાર પ્રસાર
॥ સનાતન પરમો ધર્મ ॥
સનાતન ધર્મ પત્રિકા
જાગૃત ઉજાગર
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
This edition is for internal circulation of members of ABKKP Social Association
SOCIAL MEDIA USE ONLY
સં -૨૦૮૦ | ભાદરવા વદ - ૦૭ | તા. ૨૪-૦૯-૨૦૨૪ | મંગળવાર | SDP No.: 1611
MOB.:+91 7801877774, +91 7718977774 | ankasantandharmpatrika@gmail.com

કેન્દ્રીય સમાજના આગેવાનો ગાંધીધામના આંગણે

ગાંધીધામમાં આપણી જ સમાજના ઔધોગિક રીતે હરણફાળ ભરી રહેલી પેઢી H.K.Doors વિરજીભાઈ રૂડાણી જેઓ હાલ ભુજ એટલે કચ્છનાં પૂર્વ ઝોન સમાજના પ્રમુખ પદે નિમણૂક થયેલ છે. મૂળ દેવિસર અને હાલે ગુણાતીતપુરમાં વિશાળ ખેતી સાથે જોડાયેલ જેઓએ ગાંધીધામમાં છેલ્લા દાયકામાં લાકડાના વ્યવસાયમાં પણ ખૂબ મોટું આધુનિક સમયને અનુકૂળ મૂલ્યવર્ધન સાથેનું કાર્ય કરી સહુના આદર્શ બન્યા છે.

લાકડાનો વેપાર ગાંધીધામમાં લાંબા સમયથી થાય છે તેમાં 2000 પછીના સમયમાં લાકડા ગોળમાંથી સાઈઝ અને દરવાજા બનાવવાની આધુનિક પ્લાન્ટ મશીનરી થકી સમગ્ર ભારતની જરૂરિયાતને પૂર્ણ કરવા ખૂબ સફળતા મેળવી છે.

તેમના સાહસિક યુવા સુપુત્ર હરેશ રૂડાણી હાલે યુવાસંઘની કેન્દ્રીય ટીમમાં ફંડ અને વિકાસ સમીતીના મુખ્ય પ્રબંધક તરીકે સેવા પ્રદાન કરે છે..

આમ સફળતા સાથે સમાજને ખૂબ ઉપયોગી એવા પરીવાર નાં ઉદ્યોગ સંકુલની મુલાકાતે શ્રી સમાજના પ્રમુખશ્રી ગોપાલભાઈ ભાવાણી સાથે વાઇસ પ્રેસિડેન્ટ રાજેશભાઈ, ખજનચી છગનભાઈ, મંત્રી અમરતભાઈ સાથે અવાજ લાકડામાં સફળ વેપારી નખત્રાણાના પણ હાલે ગાંધીધામમાં મણીલાલ ધનાણી પણ જોડાયા હતા.

ખાસ સનાતન ધર્મ પત્રિકામાં તેઓ ડેઇલી તેમજ માસિક અંક નાં વિકાસ માં પણ સહયોગી બનવા સતત ઉત્સુક રહેલ છે

વાંઢાય માઁ ઉમિયાના દ્વારે વનમંત્રી મુળુભાઇ બેરાનું સ્વાગત

ગુજરાત રાજ્યના ફોરેસ્ટ અને પ્રવાસન કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઇ બેરા એ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના દર્શન કરી સંસ્થાનની પ્રવૃત્તિઓથી વાકેફ થયા.

ધારાસભ્યશ્રી કેશુભાઈ વાસાણી, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી, તેમજ સંસ્થાના મહામંત્રી બાબુભાઈ ચોપડા અને હોદેદારોએ મહેમાનોનું સન્માન કરેલ હતુ. પ્રવાસન વિભાગ દ્વારા માતાજી સંસ્થામાં દસ કરોડ રૂપિયાની દરખાસ્ત કરવામાં આવી હતી. મંત્રી રમેશભાઈ પોકાર અને ગંગારામભાઈ ચૌહાણે પૂરક માહિતી રજૂ કરેલ અને આવકાર સાથે અભિનંદન કરેલ.

કેબિનેટ મિનિસ્ટર કચ્છનાં પ્રખ્યાત યક્ષબોતેર મેળાના ઉદઘાટનમાં ખાસ ઉપસ્થિત રહેલ અને સાથે માં ઉમાના દર્શનનો આગ્રહ પણ રાખેલ.

મૂળ જામનગરના મુળુભાઇ બેરાનાં આદરણીય પિતાજી ભાજપના અસલ પાયાના જનસંઘનાં સંગઠનમાં ચૂંટાયેલ

પધારેલ ગુજરાત રાજ્ય ફોરેસ્ટ અને ટુરિઝ્મ કેબિનેટ મિનિસ્ટરનું સ્વાગત સન્માન ઉમિયા માતા સંસ્થાન વાંઢાયમાં

પહેલાં ધારાસભ્ય પૈકીના હતા. રાજકિય કારકિર્દી તેમની પરંપરાગત વારસામાં મળેલ છે તેઓ દ્વારા તેમની સાંજનો વિરાટ મહિલા રાસનો કાર્યક્રમ તેઓએ દ્વારકામાં કરેલ હતો જે અદભુત મહારાસ વખણાયો હતો જેમાં આહીરાણી પચાસ હજારની સંખ્યામાં આ મહરાસમાં ભાગ લીધો હતો. આમ સમાજ પ્રેમી અને સરળ એવા મુળુભાઇ બેરા અદભુત માતા ઉમિયાના સંકુલથી પ્રભાવિત થયેલ હતા.

ઈશ્વરભાઈ ભગત (કોટડા જ.)

પ્રભુના સ્વરૂપનું મનથી ચિંતન કરવું...

ભક્તિમાં આનંદ છે તો કદીક ભક્તિમાં આનંદ આવતો નથી...તો તેનું કારણ એ છે કે ભક્તિ બરાબર થતી નથી.માનવ ભક્તિ કરે છે-પણ મોટે ભાગે-ધનથી-શરીરથી –ભક્તિ કરે છે.મનથી કરતો નથી.વાણી ભગવાનનાં નામનો ઉચ્ચાર કરે પણ મન જો ભગવાનનું સ્મરણ ના કરે તો-તેનો કોઈ અર્થ નથી.સેવામાં- ક્રિયા –એ મુખ્ય નથી. –ભાવ-એ મુખ્ય છે. ભાવથી ભક્તિ સફળ થાય છે.

સર્વ વિષયો મનમાંથી હટાવો-તો સેવામાં જરૂર આનંદ આવશે. શ્રીકૃષ્ણ વિના બધું તુચ્છ છે શ્રીકૃષ્ણ વિના બધું દુઃખ રૂપ છે.એવું દ્રઢ જ્ઞાન થશે તો ભક્તિ થશે.પરમાત્મા સાથે પ્રેમ કેળવવો હશે તો વિષયોનો પ્રેમ છોડવો જ પડશે.

“પ્રેમ ગલી અતિ સાંકરી-તામે દો ન સમાય” ત્યાં બંને નો મેળ નથી. જગતનો સંબંધ મનથી ન છોડો-ત્યાં સુધી-બ્રહ્મ સંબંધ થતો નથી.

સંસારને છોડવાનો નથી.પણ સંસારના વિષયો સુખ આપે છે તે સમજ છોડવાની છે. મોહ છોડવાનો છે. વ્રતમાં ત્યાગ કરવાની આજ્ઞા આપી છે તે કાયમના ત્યાગ માટે ધીરે ધીરે સંયમને વધારો વૈરાગ્યને વધારો ત્યારે ભક્તિમાં અનેરો આનંદ આવશે.

એક વખત એક ચોબાજી મથુરાથી ગોકુલ જવા નીકળ્યા. યમુનાજીમાં હોડીમાં જવાનું હતું. ચોબાજી ભાંગ ના નશામાં હોડીમાં બેઠા હલેસાં મારવા માંડ્યા. હોડી હાલક ડોલક થાય છે ચોબાજી બોલે છે નાવ અભી ગોકુલ પહુંચ જાયેગી. આખી રાત નાવ ચલાવી સવાર પડ્યું ચોબાજી વિચારવા લાગ્યા..આ મથુરા જેવું વળી કયું ગામ આવ્યું ? કોઈને પૂછ્યું કે આ કયું ગામ ? તો ઉત્તર મળ્યો મથુરા...ચોબાજીનો નશો ઉતર્યો પોતાની મૂર્ખતા સમજાઈ નશાની અસરમાં (અમલમાં) નાવને બાંધેલી દોરી તો છોડવાનું જ ભૂલી ગયેલા.

આ કથા ચોબાજીની માત્ર નથી..આપણા સર્વ ની છે. ભાંગનો નશો ચડે છે તેમ-એક એક ઇન્દ્રિય-સુખનો નશો ચડે છે. સંસારના વિષય સુખનો નશો ચડે છે.પૈસાના નશામાં મનુષ્ય મંદિરમાં જાય છે.થોડા પૈસા ફેકે છે.સામે કૈક માગે છે પણ-તે નશામાં ને નશામાં પ્રભુના સ્વરૂપનું મનથી ચિંતન કરતો નથી. તેથી દર્શનમાં આનંદ આવતો નથી.

માનવ-કાયા એ નાવડી છે. વાસના વિષયો રૂપી દોરીથી તે સંસાર સાથે ગાંઠથી બંધાયેલી છે તે ગાંઠને છોડવાની છે. સંસારનું સુખ એ દુઃખ રૂપ છે એમ વારંવાર મન ને સમજાવો...તો મન ત્યાંથી હટી જશે. ભક્તિમાં અનેરો આનંદ આવશે. સંસાર સુખ રૂપ નથી, દુઃખરૂપ છે. ધીરે ધીરે વૈરાગ્યને વધારી ભક્તિ વધારજો...વૈરાગ્ય વગર ભક્તિ રડે છે.

ભોગ ભક્તિમાં બાધક છે. ભોગમાં પ્રત્યેક ક્ષણે આનંદ ઓછો થાય છે. જયારે-ભક્તિમાં પ્રત્યેક ક્ષણે આનંદ વધતો જાય છે.આંખનો - જીભનો-મનનો સંયમ વધારો. જે જોવાની અતિ જરૂર લાગે તે જ જુઓ. બોલ્યા વગર છુટકો જ ના હોય ત્યારે બોલો. સંયમ વગર સુખી થવાતું નથી. ભક્તિમાં આગળ વધી શકાતું નથી. વૈરાગ્ય વગર-જ્ઞાન અને ભક્તિની શોભા નથી. ત્રણે સાથે વધે તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.

જ્ઞાનમાર્ગમાં ઇન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે. લૌકિક (સામાન્ય) જ્ઞાનમાં દ્વૈત છે પણ ઈશ્વર સ્વરૂપના જ્ઞાનમાં અદ્વૈત છે. ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા (જ્ઞાન મેળવનાર) અને જ્ઞેય (સત્ય જ્ઞાનવાળા-પ્રભુ) એક બને છે.

સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે. ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી જીવ ઈશ્વરમાં મળી જાય છે. તે પછી તે એમ કહી શકતો નથી કે ઈશ્વરને હું જાણું છું કે એમ પણ કહી શકતો નથી કે હું ઈશ્વરને નથી જાણતો.

ગોપી સર્વમાં કૃષ્ણને નિહાળી જીવભાવ ભૂલી ગઈ હતી. લાલી મેરે લાલ કી,સબ જગ રહી સમાઈ, લાલી દેખન મૈ ગઈ,મૈ ભી હો ગઈ લાલ.

શ્રુતિ વર્ણન કરે છે કે ત્યાં “હું” રહેતું નથી કે “તું” રહેતું નથી. વૃત્તિ બ્રહ્માકાર થાય છે.

ડોંગરેજી બાપજી

પ્રવાસન વિકાસ ક્ષેત્રે કચ્છનું સવિશેષ મહત્ત્વ : મુળુભાઈ બેરા

રાજયના પ્રવાસન મંત્રી કચ્છ ઉદય સાથે ખાસ મુલાકાત : જિલ્લાના ધાર્મિક અને ભૌગોલિક પર્યટન સ્થળોનો વિકાસ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ : સરહદી ટાપુઓ અને ક્રીક પ્રવાસીઓ માટે નવુ આકર્ષણ બનશે

ભુજ : રાજ્યના પ્રવાસન ક્ષેત્રે થયેલા વિકાસમાં કચ્છનું સવિશેષ યોગદાન છે. સરહદી કચ્છ જિલ્લામાં રણ, ડુંગર, દરિયો જેવા તમામ પ્રાકૃતિક સૌંદર્યની સમૃદ્ધિ તો છે જ સાથે જિલ્લાની ઐતિહાસિક ધરોહર પણ પ્રવાસીઓને આકર્ષણવાનું ભરપુર સામર્થ્ય ધરાવે છે તેવું કચ્છના સૌથી મોટા મિનિ તરણેતર તરીકે ઓળખાતા મોટા યક્ષના મેળાના ઉદ્ઘાટન પ્રસંગે કચ્છ પહોંચેલા રાજ્યના પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.

ગઈકાલે ભુજમાં ફોરેસ્ટ વિભાગના ગેસ્ટહાઉસ ખાતે પાર્ટી કાર્યકર્તાઓ, અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ બેકઠોના દૌર વચ્ચે તેમણે કચ્છ ઉદયને ખાસ મુલાકાત આપી હતી. તેમણે કચ્છ જિલ્લામાં પ્રવાસનના વિકાસની ભરપુર સંભાવનાઓ હોવાનું જણાવ્યું હતું. કચ્છના ઐતિહાસિક તીર્થસ્થાનો માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, રૂદ્રાણી જાગીર વગેરે સ્થળો પર થઈ રહેલા વિકાસકામોનો ઉલ્લેખ કરી પ્રવાસ સ્થળોના વિકાસમાટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કચ્છના બે પ્રવાસન સ્થળો ધોરડો અને ધોળાવીરાને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મળી છે. વડાપ્રધાન મદીના માર્ગદર્શન હેઠળ હવે કચ્છના સરહદી ટાપુઓ કોરીક્રીક અને લક્કીનાળા વગેરે સ્થળોનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થઈ રહ્યો છે. પ્રાકૃતિક સૌંદર્યથી સમૃદ્ધ આ સ્થળો કચ્છના પ્રવાસે આવતા દેશ-વિદેશના સહેલાણીઓ માટે નવું આકર્ષણ બનશે. આ ઉપરાંત ખુબ ઝડપથી લોકપ્રિય બનેલા રોડ ટુ હેવન પર પ્રવાસીઓના આકર્ષણ માટેનવી-નવી સુવિધાઓ પ્રવાસન વિભાગ દ્વારા ઉમેરવામાં આવશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

રાજકોટ મહિલા શક્તિ દ્વારા સ્વરક્ષા ટ્રેનિંગ કેમ્પનું આયોજન

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ રાજકોટ મહિલા મંડળ દ્વારા તાઃ 9,10,11 નવેમ્બર 2024ના ત્રિ- દિવસીય ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

હાલના સમયમાં દિકરીઓ તથા મહિલાઓ સાથે જે ઘટનાઓ બની રહી છે. તે બાબતે આપણી સમાજની 15 થી 45 વર્ષની દીકરીઓ અને પુત્રવધુઓ માટે પાટીદાર સમાજ રાજકોટ વાડીમાં Self Defense Camp નું આયોજન કરવામાં આવેલ જેમાં 40 પુત્રવધુઓ અને દીકરીઓ એ ભાગ લીધો..!!
જેમાં Boxing, Kickboxing, Jujitsu, Karate, Aikido, Martial Art વગેરે જેવી શૈલીઓની તાલીમ માર્શલ આર્ટના ટ્રેનર પાસેથી લીધી.

આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ સમાજની પુત્રવધુઓ પ્રીતિ પોકાર, વૈશાલી સાંખલા, નીતા સાંખલાએ જહેમત ઉઠાવી અને કાર્યક્રમને સફળ બનાવ્યો. માર્શલ આર્ટ્સનો વર્કશોપ રાજકોટ સમાજના મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ કમળાબેન નાકરાણીની સહમતીથી યોજવા માં આવેલ. એમને આ

માર્શલ આર્ટ વર્કશોપમાં રાજકોટની મહિલા શક્તિ

પ્રસ્તાવ સહર્ષ સ્વીકાર કરીને કાર્યક્રમ કરવાની અનુમતિ આપી હતી, એમને બાહેધરી આપી હતી કે ક્યાંય પણ અટકો તો હું તમારી સાથે જ છું.. સાથે આયોજન દરમિયાન પ્રમુખશ્રી એ જણાવ્યું કે દીકરીઓ તમે તમારી લાઇફ માં આગળ વધો (બધાને સાથે લઈને) એ અમને ખૂબ ગમ્યું , તમે તમારી પોતાની જાત માટે કંઈ કરો..આમ સૌના સાથ સહકારથી આ ત્રણ દિવસીય કાર્યક્રમ ખૂબ સફળતા સાથે મહિલા શક્તિ ઉત્સાહથી સહભાગી થઈને સ્વરક્ષાના પાઠ શીખ્યા

ચરોતર વિભાગ મહિલા શક્તિ દ્વારા એક્ઝિબિશનનું ભવ્ય આયોજન

આણંદમાં ત્રિ - આર્ટ ગેલેરીનો જામ્યો મેળાવડો...

તારીખ. 22 -09-2024 રવિવારના રોજ આણંદ મુકામે ઉમા ભવનમાં મધ્ય ગુજરાત મહિલા સંઘના ચરોતર વિભાગ દ્વારા આયોજિત ત્રિઆર્ટ ગેલેરી એક્ઝિબિશન કાર્યક્રમ નું ઉદઘાટન મુખ્ય મહેમાન હંસાબેન કુંવરબા રાજ - સામાજીક મહિલા કાર્યકર ના વરદ હસ્તે રીબીન કાપી દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવેલ.

એક્ઝિબિશનની શુભ શરૂઆતમાં ઉપસ્થિત હોદ્દેદારો હસ્તે દીપ પ્રાગટ્ય

જેમાં મધ્ય ગુજરાત મહિલા સંઘ ઝોન પ્રમુખશ્રી ચંદ્રીકાબેન, મહામંત્રી સંગીતાબેન પોકાર અને તેમની ટીમ સાથે અમૃતભાઈ માકાણી આણંદ વિભાગ પ્રમુખશ્રી, મહેન્દ્રભાઈ પોકાર આણંદ સમાજ પ્રમુખશ્રી, વસંતભાઈ લીંબાણી યુવાસંઘ ચરોતર વિભાગ ચેરમેન હાજર રહ્યા હતા.

મહિલાઓને આત્મા નિર્ભર બનાવવા ની દિશામાં અભિયાન અંગે ડૉ. હંસાબેન એ જણાવ્યું કે મહિલાઓમાં રહેલી સ્કિલ શક્તિ બહાર લાવવા અંગે જે આજે આયોજન થયું છે તે પ્રશંસાને પાત્ર છે. આજના આ કાર્યક્રમમાં વિવિધ વસ્તુઓની ખરીદી કરી બહેનોમાં ઉત્સાહ વધારશો તેવી હું ભલામણ કરું છું મારી જ્યાં જરૂરિયાત જણાય ત્યાં આપની સેવામાં હું તત્પર રહીશ તેવું તેમણે જણાવેલ. ચરોતર વિભાગ મહિલા સંઘ પ્રમુખશ્રી વનીતાબેન એ જણાવેલ કે અમારું આ દ્વિતીય આયોજન છે.. એક વર્ષ અગાઉની સફળતા જોતાં મહિલા શક્તિમાં રહેલ ક્લાને ઉજાગર કરવા તેમજ બીઝનેસ સ્કીલ્ડ ડેવલપ થાય અને તેમને પ્લેટફોર્મ મળી રહે તે હેતુસર આ આયોજન કરેલ છે. આર્ટ ગેલેરી એક્ઝિબિશનમાં વિવિધ આઈટમો સાથેના 50 સ્ટોલમાં ચરોતર વિભાગની બહેનોએ ભાગ લીધો હતો જેમાં

મધ્ય ગુજરાત સમાજ આણંદ વિભાગ પ્રમુખશ્રી અમૃતભાઈ માકાણી અને તેમની ટીમ સ્ટોલની મુલાકાતે

ઇમિટેશન ટ્રેડિશનલ જ્વેલરી કિડ્સ આઈટમો, પહેરવેશ, ચોકલેટ, ખાદ્ય પદાર્થો,બેગ્સ ,ડિઝાઇનર સાડી ગિફ્ટ આઈટમો ડિઝાઇનર ડ્રેસ મટીરીયલ 'બ્યુટી પ્રોડક્ટસ ના સ્ટોલ સાથે

એક્ઝિબિશનમાં ઉપસ્થિતિ ચરોતર વિભાગ મહિલા મંડળની બહેનો

લાઈવ આઈટમ પણ રાખવામાં આવેલ. બહેનોમાં રહેલી રસોઈની પારંગતતાને બહાર લાવવાના હેતુસર અને દિવસ દરમિયાન સૌને અલ્પાહાર સ્વરૂપ લાઈવ સ્ટોલ્સ રાખવામાં આવેલ જેવા કે વડાપાઉ, કચ્છી દાબેલી, પાણીપુરી, કૉલ્ડ કોફી ,ભજીયા, મીની પીઝા, જેવી વિવિધ વાનગીઓ બહેનોએ બનાવી હતી. જેના સૌ કોઈ વખાણ કરતા હતા. તમામ વસ્તુઓ એકદમ વ્યાજબી અને કીફાયતી ભાવ બહેનો દ્વારા રાખવામાં આવેલ.

મધ્ય ગુજરાત ઝોન મહિલા સંઘ પ્રેરીત ચરોતર વિભાગના આયોજનને સૌ કોઈએ બિરદાવ્યું હતું. આ કાર્યક્રમના સફળ

બહેનોમાં ઉત્સાહ વધારવા સ્ટોલ્સની મુલાકાતે મધ્ય ગુજરાત ઝોન મહિલા સંઘ પ્રમુખશ્રી ચંદ્રિકાબેન અને તેમની ટીમ

આયોજનમાં ચરોતર વિભાગ પ્રમુખશ્રી વનીતાબેન જયંતીભાઈ ભાવાણી, મહામંત્રી દિવ્યાબેન પ્રવિણભાઈ સાંખલા અને ચરોતર વિભાગની તમામ બહેનો ના અથાગ મહેનત તથા સાથ સહકાર થકી સફળ થયેલ.

જબલપુરમાં લક્ષ્મીનારાયણ કેન્દ્રની વિવિધ પ્રવૃતિઓ

લક્ષ્મીનારાયણ ભગવાન પાન મૂર્તિ પૂજા જબલપુરમાં બાળ સંસ્કાર કેન્દ્ર

જબલપુર મહિલા મંડળની બહેનો દ્વારા ૨૨ સ્પટેમ્બર રવિવારે લક્ષ્મીનારાયણ કેન્દ્રનો આરંભ શ્રી કચ્છ પાટીદાર સમાજ જબલપુર સમાજ ભવનમાં કરવામા આવ્યો. જેમાં ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ અને કુળદેવી ઉમિયા માતાની પાન મૂર્તિ સમક્ષ સમાજના પ્રમુખશ્રી શિવગણભાઈ છાભૈયા, ઝોન સમાજ સંગઠનના પ્રમુખશ્રી સુરેન્દ્રભાઈ દીવાણી અને મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મલાબેન છાભૈયા દ્વારા દીપ પ્રાગટ્ય કરી, આરતી કરીને કેન્દ્રની શરૂઆત કરવામાં આવી. જેમાં મહિલા મંડળની બહેનો સમાજના વડિલો અને બહેનો સાથે 40 જેટલા બાળકો અને બાલિકાઓએ ભાગ લીધો. સનાતન સંસ્કૃતિની કેટલીક પાયાની બાબત અને ધર્મ ગ્રંથ ગીતાની પ્રાથમિક માહિતી આપવામાં આવેલ

કાદિયા નાના પદયાત્રી સેવા કેમ્પ

જ્ઞાતિજનો આપ સર્વે સ્નેહીજનોને મિત્ર મંડળ કાદિયાનાના પદયાત્રી સેવા કેમ્પમાં આપનું હાર્દિક સ્વાગત કરે છે. માતાના મઢ જતા પદયાત્રીઓ માટે 24 કલાક રહેવા, જમવા,ચા,પાણી,નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે. પાટીદાર જ્ઞાતિજનો આ સેવા કેમ્પની જરૂર મુલાકાત લેશો અમારો ઉત્સાહ વધારશો. માતાના મઢ દર્શનાર્થે જતા સર્વે ભાવિક ભક્તોને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ : નખત્રાણા લખપત હાઈવે શ્રી મથલ ગૌ શાળાની સામે મથલ (કચ્છ ભુજ)

ખાસ નોંધ :- આ સેવા કેમ્પમાં જે પણને સેવા, શ્રમદાન કરવાની ઈચ્છા હોય તો આપ આવી શકો છો.

ૐ નમો નારાયણાય - શ્રીમદ્ ભગવદ્ ગીતા

અસંયતાત્મના યોગઃ દુષ્પ્રાપ ઇતિ મે મતિઃ।
વશ્યાત્મના તુ યતતા શક્યોઽવાપ્તું ઉપાયતઃ॥
(અ.૬-૩૬)

જેણે મન વશ કર્યું નથી તેને યોગ પ્રાપ્ત કરવો મુશ્કેલ છે ,પરંતુ જેણે મનને વશ કરેલું છે, એવા યત્નશીલ વડે સાધનથી પ્રાપ્ત કરવો શક્ય છે, એવો મારો મત છે.

જ્ઞાનદર્શક સંત વલ્લભકૃષ્ણના જય શ્રી લક્ષ્મીનારાયણ

श्री अखिल भारतीय कच्छ कड़वा पाटिदार समाज
शौर्य संस्करण व्यवस्थापन मार्गदर्शक कार्यसमिति

વિરાર સમાજની જનરલ મિટિંગમાં નવા હોદ્દેદારોની વરણી

પ્રમુખશ્રી	- પરસોતમ કાનજી પોકાર, વીરાણી નાની (લખપત)
ઉપપ્રમુખ	- શાંન્તીલાલ રામજી પોકાર (ગઢસીસા)
મહામંત્રી	- ભવાનજી નારણ પોકાર, વિરાણી નાની (લખપત)
સહમંત્રી	- નવીન કરમશી પોકાર, વિરાણી નાની (ગઢસીસા)
ખજાનચી	- રમેશ કાનજી પોકાર, વિરાણી નાની (લખપત)
સહખજાનચી	- જગદીશ ડાયા લીંબાણી (વેસલપર)

કારોબારી સભ્યો

મણિલાલ દેવજી પોકાર, વિરાણી નાની (લખપત)
હસમુખ મણીલાલ રવાણી, ગડુલી
કિશોર વિશ્રામ પજવાણી, દયાપર

પ્રમુખશ્રી પરસોતમ કાનજી પોકાર

મહામંત્રી ભવાનજી નારણ પોકાર

શ્રી વિરાર સમાજની જનરલ મિટીંગ તા. ૨૦/૦૯/૨૦૨૪ ના પ્રમુખશ્રી પરસોતમ કાનજી પોકાર ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ જેમાં વર્તમાન કારોબારી ની મુદત પૂર્ણ થતા નવી કારોબારીની રચના કરવા માટે પુરુષોત્તમ કાનજી પોકારના અધ્યક્ષ સ્થાને નવી કારોબારોની વરણી વર્ષ 2024 થી 27 સુધી રચના કરવામાં આવેલ. સર્વાનુમતે પ્રમુખ સ્થાને પરસોત્તમ કાનજી પોકારની વરણી કર્યા બાદ નવી કારોબારીની રચના નીચે મુજબ છે.

સંયોજક - અંબાલાલ ભગત (વસઈ)

મિશન અભિમન્યુના પ્રથમ ચરણ
શ્રી કૃષ્ણ સુભદ્રા સંવાદના માસિક ઓનલાઈન સત્રની શુભ શુરુઆત

તારીખ - 20/9/2024
સમય -: 3:30 - 4:30 બપોરે
વિષય -: શ્રીકૃષ્ણ - સુભદ્રા સંવાદ
મુખ્ય પ્રશિક્ષક :ભાવનાબેન ભાવાણી (રાજનંદગાવ)
સભા મુખ્ય સંચાલક :પુનિતાબેન રામાણી (બેંગલોર)
સભા સહસંચાલક -: નમિતાબેન માધાણી (ગોવા)

સભા મુખ્ય સંચાલક - પુનિતા રામાણી
સભા સહ સંચાલક - નમિતા માધાણી
મુખ્ય પ્રશિક્ષક - ભાવના ભાવાણી
અહેવાલ લેખક - હેતવી પોકાર

ગત શુક્રવારના રોજ મિશન અભિમન્યુના માસિક ઓનલાઈન સત્રના અંતર્ગત પ્રથમ ચરણ - શ્રીકૃષ્ણ - સુભદ્રા સંવાદના સત્રની શુભ શરૂઆત કરવામાં આવી.

સત્રની શરૂઆત સભાના મુખ્ય સંચાલક **પુનિતાબેન રામાણી** દ્વારા ગણેશ વંદનાથી કરવામાં આવી. ત્યારબાદ સહ સંચાલક **નમિતાબેન માધાણીએ** યુવા અવસ્થામાં ઉપયોગી એવા લગ્ન સંસ્કાર અને ગર્ભ સંસ્કારની આછી ઝલક પૂરી પાડી. અને પુનિતા બેન સહિત કેન્દ્રીય સ્તરે સેવા આપનાર મિશન સારથિઓના નવીન પ્રયાસોની સરાહના કરી તથા ભાવનાબેનને મુખ્ય પ્રશિક્ષક રુપે સેવા આપવા બદલ ધન્યવાદ પાઠવ્યા. તત્પશ્ચાત પ્રશિક્ષણ સત્રને આરંભ હેતુ ભાવનાબેનને આગ્રહ કર્યો.

મુખ્ય પ્રશિક્ષક ભાવનાબેને વિષયની સુંદર શરૂઆતમાં સર્વપ્રથમ સનાતન ધર્મનું મહત્વ સમજાવ્યું. અને કહ્યું કે ***"જીવનરૂપી વૃક્ષને લીલુંછમ રાખવું હોય તો સનાતન ધર્મરૂપી મૂળથી જોડાવું જ પડશે"***

તેમજ લગ્ન સંસ્કારનું મહત્વ સમજાવ્યું, તેમાં લગ્નના ચાર ફેરા અને સાત વચનની વિશેષ જાણકારી પૂરી પાડી અને લગ્નમાં ઉપયોગી વિવિધ પ્રતીકની માહિતી આપી. સાથે જ તેમને સમજાવ્યું કે ***"લગ્ન એક યજ્ઞ છે અને તેના ફળ સ્વરૂપે સંતાનની પ્રાપ્તિ થાય છે"***

ગર્ભ સંસ્કારની ચર્ચાને આગળ વધારતા સમાજમાં ચાલી રહેલ દેખાદેખી પ્રવૃતિ ન કરતા , શાસ્ત્ર માન્ય યોગ્ય પરંપરા દ્વારા અભિમન્યુ અને અર્જુન જેવા તેજસ્વી સંતાન માટે નવા પ્રયત્ન કરવાની અપીલ કરવામાં આવી. તેમને મિશન અભિમન્યુના કૃષ્ણ સુભદ્રા સંવાદના માધ્યમથી યોગ્ય માહિતી અને સમજણ પાડવામાં આવી રહી છે તેની જાણકારી આપી.

આ સભામાં 32 બહેનો સહભાગી થયા હતા, જેનામાં ભાવનાબેન સાથે **શ્રુતિ સેન્ઘાણી, પ્રીતિ નાકરાણી તથા પૂજા પટેલે** ગર્ભ સંસ્કાર વિશે વિશેષ રુપે સંવાદ કર્યો.

અંતમાં ભાવનાબેને **શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનનો** જયકાર કરાવી પોતાની વાણીને વિરામ આપ્યો. અને તે પછી સભા સંચાલક - પુનિતાબેને મિશન અભિમન્યુના જયઘોષ સાથે સત્રની પૂર્ણાહુતિ કરી.

પૂર્ણ મિશન અભિમન્યુ ટીમ સાથે
અખિલ ભારતીય મહિલા સંઘ
મિશન સંયોજક - હેત્વી પોકાર, ઈન્દોર

ગાર્ડન સીટી મૈસુરમાં વિધાઉટ ફાયર રસોઈ સ્પર્ધાનું આયોજન

તા 21-9-24ના રોજે મૈસુર પાટીદાર પરીવાર સમાજ મૈસુર મહિલા મંડળની બહેનો દ્વારા આગ વિનાની વિવિધ વાનગીઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ ઉપસ્થિત આગેવાનો હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ મહિલા મંડળના મહામંત્રી શ્રીમતી પ્રેમીલાબેન રામજી રૂડાણી તરફથી સર્વે પધારેલ મહિલા મંડળની બહેનો તેમજ માતાઓનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ અને અભિનંદન આપ્યા. ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલાં પ્રતિયોગીતામા સહભાગી બહેનોને વાનગી બનાવવા માટે સમય નક્કી કરવામાં આવેલ અને કાર્યક્રમમાં 15 બહેનોએ ભાગ લીધેલ હતો. વિજેતાઓનુ નિર્ણય ભાગ લીધેલ બહેનોની એક એક વાનગી ચાખીને નિર્ણાયક સંચાલક બહેનો દ્વારા જાહેર કરવામાં આવેલ જેમાં પ્રથમ વિજેતા ડીંપલબેન ખુશાલ સાંખલા.. એમનું સન્માન સમાજના પ્રમુખ શ્રીમતી દમયંતીબેન સાંખલાએ કર્યુ. દ્વિતીય વિજેતા યોગીતાબેન મીતુલ ભગત...એમનું સન્માન સમાજના મહામંત્રી શ્રીમતી પ્રેમીલાબેન રૂડાણી દ્વારા અને તૃતીય વિજેતા દીપીકાબેન રૂડાણી...એમનું સન્માન સમાજના ઉપપ્રમુખ શ્રીમતી કમળાબેન સાંખલા દ્વારા કરવામાં આવેલ સાથે આશ્વાસન ઇનામના વિજેતા વનિતાબેન કેતન રંગાણીનુ સન્માન સમાજના સહમંત્રી શ્રીમતી વિમળાબેન રામાણી દ્વારા કરવામાં આવેલ. વિજેતાઓનુ સન્માન કર્યાં બાદ ઉમિયા માતાના જયઘોષ બોલી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

સંયોજક- ધરમશીભાઈ રૂડાણી

હવે ભુજથી રાજકોટની ટ્રેન શરૂ થશે

કચ્છથી સૌરાષ્ટ્ર ને જોડતી એક ડાયરેક્ટ ટ્રેન નાં હોતા કચ્છ પ્રવાસીઓને મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે.અને હવે ટ્રાફિક અને લોકોની માંગને જોતા પશ્ચિમ રેલ્વેને રોજ ચાલે તેવી ભુજથી રાજકોટની ટ્રેન શરૂ કરવાનું પ્રપોઝલ અપાયું છે. જેમાં સવારે 6:50 ભુજથી ટ્રેન ગાંધીધામ, ભચાઉ, સામખીયાળી, માળીયા અને મોરબી થઈને રાજકોટ બપોરે 13:35 પહોંચે અને ફરી રાજકોટથી 14:35 એ ઉપડી રાત્રે 21:40 ભુજ પરત ફરસે ગયા મહિને આ પ્રપોઝલ અપાયું હતું તેવા સમાચાર મળ્યા હતા જેને લઇને ટૂંક સમયમાં ટ્રેન શરૂ થાય એવી આશા સેવાઈ રહી છે.

કચ્છમાં માલગાડી અને મુસાફર ટ્રેન માટે અલગ-અલગ ટ્રેક બનશે

પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ ગાંધીધામથી સામખિયાળી સુધી રેલવેને ક્વોટર્લીક એટલે કે ચારમાર્ગીય કરવા માટેના મહત્વાકાંક્ષી 1430 કરોડના પ્રોજેક્ટનું શીલાન્યાસ કરી દીધુ હતું. આ પ્રોજેક્ટનું કામ શરૂ થયાને ત્રણ વર્ષમાં પુર્ણ થશે અને ત્યારબાદ આદિપુર થી સામખિયાળી સુધી માલગાડીઓ અને મુસાફર ટ્રેનોને સમપ્રીત બે અલગ ટ્રેક રહેશે. જેથી કોઇ ટ્રેનને બીજીને પસાર કરાવવા માટે રાહ નહી જોવી પડે અને ગ્રીન સીગ્નલ મળી રહેશે. જેથી યાતાયાત વધુ ઝડપી બનશે અને બોટલનેકની પરિસ્થિતીમાંથી કચ્છ નિકળી જશે.

૫૧૧ યુનિટ રક્તદાનથી શહિદ ભગતસિંહને કડોદરામાં રક્તાંજલી

કડોદરા માં યુવાઓ દ્વારા 511 યુનિટ રક્તદાન નો લક્ષ શહિદ ભગત સિંહ યુવા બ્રિગેડ સાથે

કે.કે.પી.યુથ ક્લબ કડોદરા અને સ્થાનિક યુવાઓ ના સથવારે પાટીદાર ભવન ખાતે રવિવારે તા 22/9/24 ના રવિવારના દિવસે ભારતના ઇતિહાસમાં શહિદ થઈને આઝાદીની બુલંદી અપાવનાર શહિદ ભગતસિંહને સમર્પિત વિશેષ લક્ષ સાથેના બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સુરત આસપાસની અલગ અલગ કુલ પાંચ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા ટોટલ વિક્રમ જેવું 511 યુનિટ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. જેમાં કે.કે.પી.યુથ ક્લબ અને શહિદ ભગતસિંહ યુવા બ્રિગેડ દ્વારા જે કોઈ મહીલા શક્તિ દ્વારા રક્તદાન આપે તેમને વિશેષ સ્મૃતિમાં અનોખો લાકડામાંથી નિર્માણ કરેલ કપ આપી પ્રોત્સાહન આપવામાં આવેલ. ૫૧૧ના બ્લડ એકત્ર કરવામાં બ્લડ બેન્કના કર્ણધારો આ રક્તદાન કેમ્પના વિક્રમી લક્ષના કાર્યભારમાં સહભાગી બનેલ હતા. સુરતમાં હવે કોઈને પણ રક્તની જરૂર હોય તો નિ:શુલ્ક આપવામાં આવે છે.

કે કે પી યુથ ક્લબ, આરોગ્ય સમિતિ, શહીદ ભગતસિંહ યુવા બ્રિગેડના સંયુક્ત માનવતાના અભિગમને કડોદરાના સમગ્ર યુવા રક્તદાતાઓએ સાથ આપી વિક્રમી રક્તદાન કરી આઝાદીના યુવા લડવૈયાને રક્તાજલી અર્પણ કરવામાં આવેલ.

પ્રવકતા અને સંયોજકઃ
જગદીશ છાભૈયા, કડોદરા

Akhil Bharatiya Kutch Kadva Patidar Samaj
A/c : 03780100004484, IFSC code : BARB0DBRODA (FIFHTH LETTER IS ZERO)
BANK OF BARODA : NARODA
આઇ એફ સી કોડ માં પાંચ મોં અક્ષર શુન્ય (જીરો) છે અંગ્રેજી નો "ઓ" નથી જે ની નોંધ લેવા વિનંતી.
શ્રી સમાજ ની સુચના મુજબ સનાતન ધર્મ પત્રિકા નો આર્થિક વ્યવહાર આપેલ બેંક એકાઉન્ટ નંબર પર, જ્યાં સુધી બીજી સુચના ન મળે ત્યાં સુધી કરવા વિનંતી.

અવસાન નોંધ

તારીખ 22/09/2024
સ્વઃ ચંદુલાલ કાનજી નાકરાણી
ઉંમર વર્ષ : 64 કચ્છમાં : રવાપર હાલે : વલસાડ

તારીખ 23/09/2024
સ્વઃ રામજીભાઈ માધવજીભાઈ નાકરાણી
ઉમર વર્ષ: 92 કચ્છમાં : લક્ષ્મીપુર (નેત્રા) હાલે : પણસોરા (જીઃ-આણંદ)
સ્વઃ મિતેષકુમાર અર્જુનભાઈ નાકરાણી
ઉમર વર્ષ: 35 કચ્છમાં : કંડાય હાલે : મહેસાણા

તારીખ 24/09/2024
સ્વઃ શારદાબેન વિઠ્ઠલભાઈ લીંબાણી
ઉમર વર્ષ : 62 કચ્છમા : રસલીયા હાલે : બેન્ગલોર, ઇન્દિરાનગર સમાજ



KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205